Extra No. 362

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

©

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

**Vol. LVI]** **WEDNESDAY, JULY 15, 2015/ASADHA 24, 1937**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**Gujarat Electricity Regulatory Commission**

Security Deposit

Notification

No. 3 of 2015

GERC (Security Deposit) (Second Amendment) Regulations, 2015

In exercise of the powers conferred under Section 47 and Section 181 (2) (v) and (w) of the Electricity Act, 2003 (Act 36 of 2003), read with Clause 5.3 of the Gujarat Electricity Regulatory Commission (Security Deposit) Regulations, 2005, the Gujarat Electricity Regulatory Commission hereby amends the Security Deposit Regulations, 2005 (Notification No.8 of 2005) (The Principal Regulations).

1. Short Title, Extent and Commencement:

   i. These Regulations may be called the Gujarat Electricity Regulatory Commission (Security Deposit) (Second Amendment) Regulations, 2015.

   ii. These Regulations extend to whole of the State of Gujarat.

   iii. These Regulations shall come into force on the date of their publication in the Gujarat Government Gazette.

   iv These Regulations shall supersede the Gujarat Electricity Regulatory Commission (Security Deposit) (First Amendment) Regulations, 2010, which came into effect from 21-8-2010;

2. Amendment to Clause 4.3

Clause 4.3 of the Principal Regulations shall be substituted by the following.

"The amount payable towards security shall be in the form of cash or demand draft (DD) drawn in favour of the licensee. The Consumer whose total amount of Security Deposit exceeds Rs. 25 Lacs may, at his option, furnish the security deposit in the form of irrevocable bank guarantee initially valid for a period of two years. Such bank guarantee shall be from a nationalized or scheduled commercial bank. It shall be the responsibility of the consumer to keep the bank guarantee valid at all times and to renew the bank guarantee at least 2 months prior to its expiry."

3. Amendment to Clause 4.6

Clause 4.6 of the Principal Regulations shall be substituted by the following

"Subject to the restrictions of the periods of three months or two months or one and a half months as specified in Clauses 4.1 and 4.2, the adequacy of the amount of Security Deposit in respect of consumers may be reviewed by the licensee every year for HT Consumers and once in every two years for LT Consumers based on the average units consumption for the past 12 (twelve) months."

4. Amendment to Clause 4.9

Clause 4.9 shall be substituted in the Principal Regulations as under

Based on such review, the licensee may either seek increase in the amount of Security Deposit or reduce its amount as the case may be.

Provided that if the Security Deposit payable by the consumer is short by not more than 10% of the existing Security Deposit, no demand will be made for payment of further Security Deposit. If the existing Security Deposit of a consumer is found to be in excess by more than 10% of the required Security Deposit, refund of the excess Security Deposit shall be made by adjustment in next electricity bill. In case the full amount of refund cannot be adjusted in the next bill, balance amount shall be refunded by way of single cheque/DD within a period of 30 days from the date of adjustment in electricity bill. Where the consumer is required to pay additional amount by way of Security Deposit, he shall pay the same within 30 days from the date notice issued by the Licensee.

5. New Clauses 4.15 to be added after Clause No. 4.14 of the Principal Regulations.

"4.15 Distribution Licensee shall specify the amount of existing Security Deposit on Electricity Bill of Consumers of all categories."

Gandhinagar
Date-15/07/2015

**ROOPWANT SINGH,** IAS
Secretary,
Gujarat Electricity Regulatory Commission,
Gandhinagar.

## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

જામીન અનામત

૨૦૧૫ ના જાહેરનામા નં.૩

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) વિનિયમો, ૨૦૧૫

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) વિનિયમો, ૨૦૦૫ ના ખંડ ૫.૩ સાથે વાંચતા, ૨૦૦૩ ના વિજળી અધિનિયમની કલમ ૪૭ અને કલમ ૧૮૧(૨)(વી) અને (ડબલ્યુ) અન્વયે સુપરત કરાયેલી સત્તાની રૂએ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, જામીન અનામત વિનિયમો,૨૦૦૫ (૨૦૦૫ ના જાહેરનામા નં.૮) (મુખ્ય વિનિયમ) મા સુધારો કરે છે.

**૧. ટૂંકુ શીર્ષક, વ્યાપ અને પ્રારંભ**

૧. આ વિનિયમો, ગુજરાત વિદ્યુત નિંયંત્રક આયોગ (જામીન અનામત) (બીજો સુધારો) વિનિયમો, ૨૦૧૫ એમ કહેવાશે.

૨. આ વિનિયમોનો વ્યાપ સમગ્ર ગુજરાત રાજ્ય સુધી રહેશે.

૩. આ વિનિયમો ગુજરાત સરકારના રાજપત્રમાં પ્રકાશીત થાય તે તારીખથી અમલમાં આવશે.

૪ આ વિનિયમો, તા.૨૧.૦૮.૨૦૧૦ થી અમલમાં આવેલ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) (પ્રથમ સુધારો) વિનિયમો, ૨૦૧૦ ને રદબાતલ કરશે.

**૨. ખંડ ૪.૩ માં સુધારો**

મુખ્ય વિનિયમોનાં ખંડ ૪.૩ની અવેજીમાં નીચે મુજબનો પૈરેગ્રાફ મુકાશે.

"જામીન તરીકે ચુકવવાપાત્ર રકમ રોકડ નાણુ અથવા વિતરણ પરવાનેદારની તરફેણમાં ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) ના રૂપમાં રહેશે. ગ્રાહક કે જેની કુલ જામીન અનામતની રકમ રૂ. ૨૫ લાખથી વધુ હોય તે, તેમના વિકલ્પ પ્રમાણે, શરુઆતમાં બે વર્ષની મુદ્દત માટે બેંક ગેરેંટીના રૂપમાં જામીન અનામત આપશે. આવી બેંક ગેરેંટી રાષ્ટ્રીયકૃત બેંક કે અનુસૂચીત વણિજિયક બેંકની હોવી જોઇશે. હંમેશા બેંક ગેરેંટી કાયદેસર રાખવા અને તેની સમાપ્તિના આદેશના બે મહિના અગાઉથી બેંક ગેરેંટી તાજી કરાવવાની જવાબદારી ગ્રાહકની રહેશે."

**૩. ખંડ ૪.૬ માં સુધારો.**

મુખ્ય વિનિયમનાં ખંડ ૪.૬માં નીચે મુજબ ફેરબદલી કરવી.

"ખંડો ૪.૧ અને ૪.૨ માં નિર્દિષ્ટ કર્યા મુજબ ત્રણ મહિના કે બે મહિના કે દોઢ મહિનાની મુદતો માટેનાં નિયંત્રણોને આધીન રહીને, પરવાનેદાર ગ્રાહકોની જામીન અનામતની પર્યાપ્તતા અંગે, ઉંચા-દાબવાળા ગ્રાહકો માટે દર વર્ષે અને નિમ્ન-દાબવાળા ગ્રાહકો માટે બે વર્ષમાં એકવાર, પાછલા ૧૨ મહિનાનાં સમયગાળા માટેના સરેરાશ યુનીટ વપરાશને આધારે, પુન:સમીક્ષા કરી શકે છે."

**૪. ખંડ ૪.૯મા સુધારો**

મુખ્ય વિનિયમમાં ખંડ ૪.૯માં નીચે મુજબ ફેરબદલ કરવી.

"આવી સમિક્ષાને આધારે, વિતરણ પરવાનેદાર યથાપ્રસંગ જામીન અનામતની રકમમાં વધારો અથવા ઘટાડો કરી શકે છે. પરંતુ, જો ગ્રાહક દ્વારા ચુકવવાપાત્ર જામીન અનામતની રકમ, વર્તમાન જામીન અનામતની રકમના ૧૦% કરતા વધુ ન હોય તો, તેવી જામીન અનામતની ચુકવણી માટે કોઇ માંગણી કરશે નહી. હાલની જામીન અનામતની રકમ, જરૂરી જામીન અનામતની રકમ કરતાં ૧૦%થી વધુ હોય તો, વધારાની જામીન અનામત, આગામી વીજ બીલમાં હિસાબમેળ કરી પરત કરવામાં આવશે. જો સંપુર્ણ રકમ આગામી બીલમાં હિસાબમેળ થઇ શકે એમ ન હોય તો, બાકી રકમ એક ચેક/ડીડી દ્વારા, વીજ બીલના હિસાબમેળની તારીખથી ૩૦ દિવસના સમયગાળામાં પરત કરવામાં આવશે. જ્યાં ગ્રાહક દ્વારા જામીન અનામત પેટે વધારાની રકમ ચુકવવાની હોય, ત્યાં જામીન અનામતની રકમ વિતરણ પરવાનેદાર દ્વારા આપવામાં આવેલ નોટીસ તારીખથી ૩૦ દિવસની અંદર ગ્રાહકે ભરપાઇ કરવાની રહેશે.

**૫. મુખ્ય વિનિયમોમાં ખંડ નં ૪.૧૪ પછી ૪.૧૫ ખંડ ઉમેરવો.**

"૪.૧૫ વિતરણ પરવાનેદારે, દરેક વર્ગનાં ગ્રાહકોનાં વીજ બીલમાં હયાત જામીન અનામતની રકમ દર્શાવવાની રહેશે."

**ગાંધીનગર**
તા.૧૫-૭-૨૦૧૫.

**રુપવંત સિંહ, IAS**
સચિવ,
ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ,
ગાંધીનગર.

----------

**સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.**